# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

કવટ શાખા, બ્લોકનં. ૧૨/૨ ,બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય

---

## બિન-સરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયક ભરતી – ૨૦૨૦

## ઈન્ટરવ્યુ પ્રક્રિયા સંદર્ભે ઉમેદવાર અંગેની માર્ગદર્શિકા

1. અમદાવાદ અને ગાંધીનગર ખાતે નિયત કરાયેલ કેન્દ્રો પર નિયત કરાયેલ તારીખ અને સમય પ્રમાણે જે તે કોલેજ-વિષયના ઈન્ટરવ્યુ યોજાશે.
2. ***સમાન્ય સંજોગોમાં સપ્તાહમાં દર મંગળવારે અને શુક્રવારે ક્રમ-1 મુજબના કેન્દ્રો ખાતે એક પછી એક કોલેજોના (NOC મુજબ) ઈન્ટરવ્યુ ક્રમશઃ યોજાશે. કોમર્સ-એકાઉન્ટન્સી, અંગ્રેજી, રસાયણશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર એમ આ ચાર વિષયોના ઈન્ટરવ્યુ મંગળવાર અને શુક્રવારના દિવસો ઉપરાંત અન્ય દિવસોમાં પણ યોજાશે.***
3. **એક પછી એક કોલેજોના (NOC મુજબ) ઈન્ટરવ્યુ ક્રમશઃ યોજાનાર હોઈ ઉમેદવારે કોલેજ પસંદગીના આખરી રાઉન્ડમાં પસંદ કરેલ કોલેજોમાં** ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1019/CHE-768/ખ, તા. 23-12-2019ના મુદ્દાનં. 4ના ટેબલમાં દર્શાવ્યા મુજબ ઉમેદવાર ઈન્ટરવ્યુ માટે કોલેજ-વિષય-કેટેગરી દીઠ જેટલી વખત શોર્ટલિસ્ટ થઈ કોલલેટર જનરેટ થશે તેટલી વખત તેણે ઈન્ટરવ્યુ **આપવા હાજર થવાનું રહેશે.**
4. **સામાન્ય સંજોગોમાં મંગળવારના ઈન્ટરવ્યુ માટેના કોલલેટર તે અગાઉના શનિવારના રોજ અને શુક્રવારના ઈન્ટરવ્યુ માટેના કોલલેટર તે અગાઉના બુધવારે જનરેટ કરવામાં આવશે. દરેક ઈન્ટરવ્યુ દીઠ નવો કોલલેટર જનરેટ થશે, જેની જાણ સામાન્ય સંજોગોમાં લાગુ પડતા ઉમેદવારોને ઈમેલ અને એસ.એમ.એસ. દ્વારા કરવામાં આવશે. તેમ છતાં દર શનિવારે અને બુધવારે ઉમેદવારે પોતાના લૉગિનમાં કોલ લેટર જનરેટ થયેલ છે કે કેમ તેની ખાતરી કરવાની જવાબદારી ઉમેદવારની રહેશે.**
5. ઉમેદવારે ઈન્ટરવ્યુમાં સ્વખર્ચે હાજર થવાનું રહેશે, તે માટે કોઈ T.A./D.A. ચૂકવવામાં આવશે નહીં.
6. ઉમેદવાર ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/1019/CHE-768/ખ, તા. 23-12-2019ના મુદ્દાનં. 4ના ટેબલમાં દર્શાવ્યા મુજબ ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ થશે.
7. ***ઉમેદવારને પોતાના વિષય અને કેટેગરી મુજબ ખાલી જગ્યા ધરાવતી તમામ કોલેજોની યાદી*** *પોતાના લોગ-ઈનમાં જોવા મળશે. આ યાદીમાંથી ઉમેદવારે કોલેજ પસંદગીના આખરી રાઉન્ડમાં* ***જેટલી કોલેજોની પસંદગી કરી હશે તેટલી જ કોલેજમાં ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ થવાને પાત્ર થશે.***

*<u>જે તે વિષય-કેટેગરીમાં ઉપલબ્ધ જગ્યાઓ મુજબની કોલેજોમાંથી જો ઉમેદવાર કોઈ કોલેજની પસંદગી નહીં કરે તો તેઓ જે-તે કોલેજમાં ઈન્ટરવ્યુ આપવા માગતા નથી એમ માની જે–તે કોલેજની મેરીટ યાદીમાંથી તેનું નામ દૂર થશે.</u>*

8. ઉમેદવાર તેને ઉપલબ્ધ (વિષય-કેટેગરીને ધ્યાને લેતા) તમામ કોલેજોની પસંદગી કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે **શિક્ષણ વિભાગના તા.** *23-12-2019***ના ઠરાવ ક્રમાંક: એનજીસી***/1019/CHE-768/***ખ**, મુજબ ઈન્ટરવ્યુ માટે કોલેજ દીઠ ૦૧ જગ્યાસામે ૦૬ ઉમેદવાર, ૦૨ જગ્યાસામે ૦૮ ઉમેદવાર, ૦૩ જગ્યા સામે ૧૦ ઉમેદવાર અને ત્યારબાદ દરેક વધારાની જગ્યા દીઠ વધારાના ૦૩ ઉમેદવાર ફાળવવાના થાય. જો કોઈ પણ રેન્ક પર સમાન મેરિટ ધરાવતા એકથી વધુ ઉમેદવાર હશે તો તેવા સંજોગોમાં સમાન મેરિટ રેન્ક ધરાવતા તમામ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવશે.

9. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. 23-12-2019ના ઠરાવ ક્રમાંકએનજીસી/1019/CHE-768/ખ, મુદ્દાનં. 4ના ટેબલમાં દર્શાવ્યા મુજબ ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ થનાર ઉમેદવારે ઈન્ટરવ્યુ માટેના કોલલેટર www.rascheguj.in પર પોતાના લોગ-ઈનમાંથી ડાઉનલોડ કરી લેવાનો રહેશે. દરેક ઈન્ટરવ્યુ માટે નવો કોલ લેટર ડાઉનલોડ કરી ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત થવાનું રહેશે. કોલ-લેટર વિના ઉમેદવાર ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે નહીં.

10. ઉમેદવારે ઈન્ટરવ્યુ સમયે પોતાના ઓળખના પુરાવા સાથે તમામ અસલ પ્રમાણપત્રો અને તેની ઝેરોક્ષ નકલનો એક સેટ સાથે રાખવાનો રહેશે. ઈન્ટરવ્યુ પહેલાં કોલેજ પ્રમાણપત્રોની ચકાસણી કરવા ઈચ્છે તો ઉમેદવારે તે પ્રમાણપત્રોની ખરાઈ કરાવવાની રહેશે.

11. <u>ઈન્ટરવ્યુ કેન્દ્ર પર નિયત તારીખે અને નિયત રિપોર્ટીંગ સમયે પહોંચવું ફરજિયાત છે. એકવાર ઈન્ટરવ્યુ શરૂ થઈ ગયા બાદ કોઈ પણ ઉમેદવારને ઈન્ટરવ્યુ કેન્દ્ર પર પ્રવેશ આપવામાં આવશે નહીં. આથી દરેક ઉમેદવારે ઈન્ટરવ્યુ કેન્દ્ર પર રિપોર્ટિંગ સમયે હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.</u>

12. ઈન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવેલ ઉમેદવારો પૈકી લઘુતમ 01 ઉમેદવાર હાજર રહેશે તો પણ ઉમેદવારનું ઈન્ટરવ્યુ માટેનું કોરમ પૂરું થયેલ ગણાશે.

13. જો ઉમેદવારોનું અથવા ઈન્ટરવ્યુ સમિતિનું લઘુતમ કોરમ પૂરું નહીં થાય તો જે તે કેટેગરી-વિષયના તમામ ઈન્ટરવ્યુ પૂરા થઈ ગયા બાદ તેનું પુનઃઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવશે.

14. <u>*ઈન્ટરવ્યુ બાદ જે ઉમેદવારની પસંદગી થાય તે ઉમેદવારે જે તે કોલેજ*માં પસંદગી અંગેનું સ્વીકાર/અસ્વીકાર બાબતનું નોટરાઈઝ્ડ *બાંહેધરી પત્રક આપવાનું રહેશે. એક કોલેજમાં પસંદગી*</u> *અંગેનું બાંહેધરી પત્રક આપ્યા બાદ ઉમેદવારનું નામ આપોઆપ અન્ય કોલેજોની*

***મેરિટયાદીમાંથી કમી થઈ જશે. પસંદગી પામેલ ઉમેદવાર દ્વારા બાંહેધરીપત્રકમાં હાજર થવાની સહમતિ આપવામાં આવ્યેથી પ્રતીક્ષા યાદી પર આવનાર ઉમેદવારનો જે તે જગ્યા માટે કોઈ હકદાવો રહેશે નહીં.***

15. પસંદગી પામેલ ઉમેદવાર કોલેજમાં હાજર થવા અસંમત હોય તો પ્રતીક્ષાયાદીમાંના ઉમેદવારને કોલેજ પસંદગીની તક પ્રાપ્ત થશે અને આવા પ્રતીક્ષાયાદી પરના ઉમેદવાર જે તે કોલેજને બાંહેધરીપત્રક આપવાનું રહેશે.

16. જો ઉમેદવાર કોઈ કોલેજમાં થયેલ પોતાની પસંદગીનો અસ્વીકાર કરવા ઈચ્છે તો તે અસ્વીકાર કરી શકે છે. જે તે વિષય-કેટેગરીમાં ત્યારબાદના યોજાનારા ઈન્ટરવ્યુમાં ઉમેદવારનો ઈન્ટરવ્યુ આપવાનો હક ચાલુ રહેશે.

17. ઈન્ટરવ્યુનું આયોજન જે તે વિષયની નીચે પ્રમાણેની કેટેગરીની જગ્યાઓ અનુસાર થશે:

(a) General – OPEN

(b) Female – OPEN

(c) General – SEBC/SC/ST/EWS

(d) Female – SEBC/SC/ST/EWS

(e) General – PH

**********